પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૯૮-૦૭ /૨૦૨૨ તારીખ: ૧૭/૦૪/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૧૮/૦૪/૨૦૨૨ (સોમવાર) ના રોજ ક ૧૦/૦૦ થી ક.૧૬/૦૦ દરમ્યાન ગુજકેટ પરીક્ષા-૨૦૨૨૨ની લેખિત પરીક્ષા વડોદરા શહેરના કુલ-૩૩ પરીક્ષા કેન્દ્રો (સ્કુલ/હાઈસ્કુલ) ઉપર પરીક્ષા લેવામાં આવનાર છે. જે પરીક્ષા કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર,કલેકટર કચેરી ચીટનિષ શાખા ના પત્ર ક્રમાંકઃકભય/પરીક્ષા/વશી/૧૫૭૨/2022 તા.૧૨/૦૪/૨૦૨૨ વાળા પત્ર અનુસંધાને ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.૪૨૨/CRC/૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે, અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં.૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે, જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામા આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રુએ નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૮/૦૪/૨૦૨૨ ના કલાક.૦૮/૦૦ થી ક.૧૭/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

### -: કૃત્યો :-

વડોદરા શહેરમાં જે, જે કેન્દ્રો (શાળાઓ) માં પરીક્ષા લેવાનાર છે, જે તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૧૮/૦૪/૨૦૨૨ ના કલાક.૦૮/૦૦ થી ક.૧૭/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડ સેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન, વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર કે ઇલેકટ્રોનીક ઉપકરણો તેમજ કોઇપણ જાતના વિજાણુંયંત્ર લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુબાજુમાં ૧૦૦ મીટરના અંતરમાં પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યકિતઓએ ભેગા થવુ નહી તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી કે, લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

### -: વિસ્તાર :-

- વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રોની યાદી :-

| અ.નં. | પરીક્ષા કેન્દ્ર | પોલીસ સ્ટેશન |
|---|---|---|
| ૧ | સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, નવજીવન પાસે,આજવા રોડ | બાપોદ |
| ૨ | કેળવણી ટ્રસ્ટ વિધાલય મનીષા ચોકડી અકોટા વડોદરા. | ગોત્રી |

| | | |
|---|---|---|
| ૩ | બેસીલ સ્કુલ , તાંદલજા રોડ, મુક્તી નગર પાસે,વડોદરા. | જે.પી રોડ |
| ૪ | શબરી વિદ્યાલય સૈયદ વાસણા રોડ | ગોત્રી |
| ૫ | ડોનબોસ્કો વિદ્યાલય, મકરપુરા રોડ. | માંજલપુર |
| ૬ | બરોડા હાઈસ્કુલ O.N.G.C. | મકરપુરા |
| ૭ | કોંવેન્ટ ઓફ જીસીસ એન્ડ મેરીગર્લ્સ ફતેગંજરોડ, વડોદરા. | ફતેગંજ |
| ૮ | રોઝરી સ્કુલ, પ્રતાપગંજ, વડોદરા. | સયાજીગંજ |
| ૯ | લાલ બહાદુર શાસ્ત્રી વિધાલય, હરણીરોડ સંગમ ચાર રસ્તા વડોદરા. | કારેલીબાગ |
| ૧૦ | સેન્ટ જોસેફ સ્કુલ,નવાયાર્ડ છાણી રોડ | ફતેગંજ |
| ૧૧ | હિલ મેમોરીયલ હાઇસ્કુલ યુનિવર્સીટી પેવેલીયનની સામે ફતેગંજ વડોદરા | સયાજીગંજ |
| ૧૨ | સરદાર વિનય વિધામંદિર, આર્ય કન્યા વિધાલયની સામે કારેલીબાગ | કારેલીબાગ |
| ૧૩ | યુનિવર્સિટી એક્ષપેરીમેન્ટલ સયાજીગંજ,વડોદરા. | સયાજીગંજ |
| ૧૪ | સત્ય નારાયણ વિધાલય,લક્ષ્મીપુરા રોડ ગોરવા, વડોદરા. | ગોરવા |
| ૧૫ | વિદ્યુત બોર્ડ વિદ્યાલય, વિદ્યુતબોર્ડ કોલોનીની બાજુમા,જુનાપાદરા રોડ | ગોત્રી |
| ૧૬ | બરોડા હાઈસ્કુલ સિનિયર પોલોગ્રાઉન્ડ, બગીખાના વડોદરા | નવાપુરા |
| ૧૭ | શ્રેયસ વિદ્યાલય માંજલપુર, વડોદરા. | મકરપુરા |
| ૧૮ | બરોડા હાઇસ્કુલ, જુ-૨ એકસપ્રેસ હોટલ સામે, નુતનભારત સોસા. અલકાપુરી | સયાજીગંજ |
| ૧૯ | ઉત્કર્ષ વિધાલય,લાયન્સ હોલ પાસે, ગદાપુરા, હરીનગર, ગોત્રીરોડ, | ગોત્રી |
| ૨૦ | ગાયત્રી વિધાલય,ગાયત્રીનગર ગોત્રી રોડ પાણીની ટાંકી પાસે, | ગોત્રી |
| ૨૧ | શ્રી સયાજી હાઇસ્કુલ, ઘડીયાળીપોળ,માંડવી, વડોદરા | વાડી |
| ૨૨ | સ્વામી વિધ્યાનંદજી વિદ્યાવિહાર ગીતા મંદિર, પ્રતાપનગર રોડ વડોદરા. | વાડી |
| ૨૩ | ન્યુ ઈરા બોઈઝ હાઈસ્કુલ નોવિનો બેટરી પાસે, મકરપુરા | મકરપુરા |
| ૨૪ | હેવન વિધાલય વૃદાવન બસ સ્ટેન્ડ વાઘોડીયા રોડ | બાપોદ |
| ૨૫ | સ્વામી વિવેકાનંદ વિદ્યાલય મહેશ કોમ્પલેકસ પાસે પરીવાર ચાર રસ્તા | પાણીગેટ |
| ૨૬ | શ્રી અંબે વિદ્યાલય, બાપોદ જકાતનાકા વાઘોડીયા રોડ | પાણીગેટ |
| ૨૭ | શ્રી ઉર્મી સ્કુલ, ફલાય ઓવબ્રીજ નજીક અમિતનગર સમા સાવલી રોડ | સમા |
| ૨૮ | સંત કબીર સ્કુલ રાણેશ્વર મહાદેવ પાસે વાસણા રોડ, વડોદરા. | ગોત્રી |
| ૨૯ | નવરચના વિદ્યાની વિદ્યાલય,સમા રોડ | સમા |
| 30 | શ્રી નારાયણ વિધાલય,ડભોઇ વાઘોડીયા રીંગરોડ, વડોદરા | પાણીગેટ |
| ૩૧ | તેજશ વિધાલય, ઇલોરાપાર્ક આત્મજયોતિ આશ્રમરોડ સુભાનપુરા | ગોરવા |
| ૩૨ | એલેમ્બિક વિધ્યાલય, રીફાઇનરી રોડ, ગોરવા | ગોરવા |
| 33 | શ્રી કૃષ્ણ હિન્દી વિધ્યાલય ,આર્યકન્યા વિધ્યાલય પાસે, કારેલીબાગ વડોદરા | કારેલીબાગ |

-: **અપવાદ** :-

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: **અમલવારીનો સમય** :-

આ હુકમ તા.૧૮/૦૪/૨૦૨૨ ના કલાક.૦૮/૦૦ થી ક.૧૭/૦૦ સુધી અમલમાં રહેશે.

-: **શિક્ષા** :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :-૨૬ /૦૪/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(ડો. શ[illegible]સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**સવિનય નકલ રવાના** :-
(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા